| કેસ નંબર | રજૂ તારીખ | દાખલ તારીખ | ફેંસલ તારીખ | અવધિ વર્ષ-માસ-દિવસ |
|---|---|---|---|---|
| સેશન્સ કેસ નં.૧૦૩/૨૦૧૮ | ૩૦.૦૧.૨૦૧૮ | ૩૦.૦૧.૨૦૧૮ | ૧૨.૧૧.૨૦૧૮ | ૦ - ૦૯ - ૧૨ |
| સેશન્સ કેસ નં.૧૧૩/૨૦૧૮ | ૦૧.૦૨.૨૦૧૮ | ૦૧.૦૨.૨૦૧૮ | ૧૨.૧૧.૨૦૧૮ | ૦ - ૦૯ - ૧૧ |

**અમદાવાદ શહેરના અધિક સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટમાં,**

**(કોર્ટ નં.૨૧)**

**<u>સેશન્સ કેસ નં.૧૦૩/૨૦૧૮</u>**

<u>ફરિયાદીઃ</u> શ્રી સરકાર.

વિરુદ્ધ

<u>આરોપીઓઃ</u> (૧) અબ્દુલસમદ મહમદઈબ્રાહીમ શેખ,
ઉં.૩૧ વર્ષ, ધંધોઃ વેપાર,
<u>રહેવાસીઃ</u> મકાન નં.૧૩૩૨/૮, ચંપા મીલની ચાલી,
એફ.ડી. હાઈસ્કૂલની પાસે,
સીંધીવાડ, જમાલપુર,
અમદાવાદ શહેર.

(૨) જાકીરહુશેન સોકતઅલી શેખ,
ઉં.૪૫ વર્ષ, ધંધોઃ વેપાર,
<u>રહેવાસીઃ</u> મકાન નં.૨૫૬૧, ગાજીપીર દરગાહની
પાછળ મિસ્ત્રી બિલ્ડિંગ સામે,
ગાજીપીર, જમાલપુર, અમદાવાદ.

**************

**<u>સેશન્સ કેસ નં.૧૧૩/૨૦૧૮</u>**

<u>ફરિયાદીઃ</u> શ્રી સરકાર.

વિરુદ્ધ

<u>આરોપીઃ</u> (૩) શાબીરહુશેન ઉર્ફે મેડમ શોકતઅલી શેખ,
ઉં.૪૦ વર્ષ, ધંધોઃ દરજીકામ,
<u>રહેવાસીઃ</u> મકાન નં.૧૩૩૨/૮, ચંપા મીલની ચાલી,
સીંધીવાડ, જમાલપુર, અમદાવાદ શહેર.

ફરિયાદી તરફે વિ.એડિશ્નલ પબ્લિક પ્રોસીક્યૂટરશ્રી આર. એફ. પટણી

આરોપીઓ તરફે વિ.વકીલશ્રી એમ. આઈ. બોલવાલા

**<u>ગુનોઃ</u>** **<u>ભારતીય દંડ સંહિતાની કલમ-૨૯૪(ખ), ૩૦૭, ૩૨૪, ૫૦૬(૨) સાથે વાંચતા કલમ-૧૧૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબનો</u>**.

**<u>ચૂકા દો</u>**

(૧) ઉપરોક્ત બંને સેશન્સ કેસ નં.૧૦૩/૨૦૧૮ અને નં.૧૧૩/૨૦૧૮ એક જ ગુનામાંથી ઉપસ્થિત થયેલ હોય, વિ.એડિશ્નલ પબ્લિક પ્રોસીક્યૂટરશ્રીએ સેશન્સ કેસ નં.૧૦૩/૨૦૧૮ ના કામે આંક-૩ થી પુરસીસ રજૂ કરી, સદર બંને કેસો ભેગા ચલાવવા અને બંને કેસોનો

પુરાવો સેશન્સ કેસ નં.૧૦૩/૨૦૧૮ માં નોંધવા વિનંતી કરતા, સદર આંક–૩ ની અરજી મંજૂર કરવામાં આવેલ અને સદર બંને કેસોનો પુરાવો સેશન્સ કેસ નં.૧૦૩/૨૦૧૮ ના કામે નોંધવામાં આવેલ છે અને તે અનુસાર સદરહુ બંને કેસોનો નિકાલ હાલના સંયુક્ત ચૂકાદાથી કરવામાં આવેલ છે.

(૨) આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૨૯૪(ખ), ૩૦૭, ૩૨૪, ૫૦૬(૨) સાથે વાંચતા કલમ–૧૧૪ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ–૧૩૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે આક્ષેપ છે.

(૩) આરોપીઓ વિરુદ્ધ ઉપરોક્ત ગુના અંગેની ફરિયાદ દાખલ થતાં, તપાસ એજન્સીએ જરૂરી અને યોગ્ય તપાસ કરી, આરોપી નં.૧ અને ૨ નાઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૨૯૪(ખ), ૩૦૭, ૩૨૪, ૫૦૬(૨) સાથે વાંચતા કલમ–૧૧૪ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ–૧૩૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે પુરાવો મળી આવતો હોય, આરોપી નં.૧ અને ૨ વિરુદ્ધ અમદાવાદના વિ.એડિશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટશ્રીની કોર્ટ નં.૨૫ ખાતે ચાર્જશીટ રજૂ કરેલ. તત્કાલિન સમયે આરોપી નં.૩ નાસતા ફરતા હોય, સદર ચાર્જશીટમાં કોલમ નં.૨ "ઈન્સાફનું કામ ચલાવવા માટે ગીરફતાર કરેલા અથવા ગીરફતરા નહીં કરેલા, નાસી છૂટેલા સુદ્ધાંત નાસી છૂટેલાના નામ" ની કોલમમાં દર્શાવવામાં આવેલ.

આરોપીઓ વિરુદ્ધના ગુનાની ઈન્સાફી કાર્યવાહી એકમાત્ર સેશન્સ કોર્ટમાં ચાલવાપાત્ર હોય, વિ.મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટશ્રીની કોર્ટ નં.૨૫ નાઓ દ્વારા ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૭ અન્વયે ફરિયાદ પક્ષના આધારભુત પુરાવાની નકલો આરોપીઓને વિના મુલ્યે પૂરી પાડી, ફોજદારી કાર્યરીતિ સંહિતાની અન્ય જોગવાઈઓ સંબંધે આરોપીઓના બચાવ અંગે ખાતરી કરી, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૯ અન્વયે આ કેસ તારીખઃ ૨૭.૧૧.૨૦૧૭ ના રોજ અત્રેની સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટમાં કમિટ કરવામાં આવેલ. જે અત્રેની કોર્ટમાં સેશન્સ કેસ નં.૧૦૩/૨૦૧૮ થી નોંધવામાં આવેલ.

ત્યાર બાદ આરોપી નં.૩ મળી આવતા તેમના વિરુદ્ધ અમદાવાદના વિ.એડિશ્નલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટશ્રીની કોર્ટ નં.૧૨ સમક્ષ પુરવણી ચાર્જશીટ કરવામાં આવેલ. આરોપી વિરુદ્ધના ગુનાની ઈન્સાફી કાર્યવાહી એકમાત્ર સેશન્સ કોર્ટમાં ચાલવાપાત્ર હોય, વિ.મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટશ્રીની કોર્ટ નં.૧૨ નાઓ દ્વારા ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૭ અન્વયે ફરિયાદ પક્ષના આધારભુત પુરાવાની નકલો આરોપીને વિના મુલ્યે પૂરી પાડી, ફોજદારી કાર્યરીતિ સંહિતાની અન્ય જોગવાઈઓ સંબંધે આરોપીના બચાવ અંગે ખાતરી કરી, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૯ અન્વયે આ કેસ તારીખઃ ૩૦.૦૧.૨૦૧૮ ના રોજ અત્રેની સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટમાં કમિટ કરવામાં આવેલ. જે અત્રેની કોર્ટમાં સેશન્સ કેસ નં.૧૧૩/૨૦૧૮ થી નોંધવામાં આવેલ.

ત્યાર બાદ મે.પ્રિન્સિપાલ જજ સાહેબ, સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ, અમદાવાદના હુકમ અન્વયે સદરહુ બંને કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા અત્રેની અદાલતમાં તબદિલ કરવામાં આવેલ છે.

(૪.૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તારીખઃ ૨૦.૧૦.૨૦૧૫ ના રોજ રાત્રિના કલાક ૨.૧૫ વાગ્યાના સુમારે, ફરિયાદી મોહમદજાવેદ દિલાવરખાન પઠાણના ઘર પાસે કે જે ચંપા મીલની ચાલી, એલેહદીસ મસ્જીદની બાજુમાં, મુંડા દરવાજા, જમાલપુર, અમદાવાદ ખાતે આવેલ છે કે જે સ્થળ જાહેર સ્થળ છે, ત્યાં આરોપીઓએ ભેગા મળી, એકબીજાની મદદગારીમાં ફરિયાદીના મોટા ભાઈ નામે મોહમંદ મોહસીનખાન ઉર્ફે રાજા દિલાવરખાન પઠાણ સાથે અગાઉ થયેલ ઝઘડાની અદાવત રાખી, ફરિયાદીના માતા નામે ફિરોઝાબેનને અશ્લીલ શબ્દો ઉચ્ચારીને, બિભત્સ ગાળો બોલી, ફરિયાદીના માતા ફિરોઝાબેન તથા ફરિયાદી મોહમદજાવેદ દિલાવરખાન પઠાણને ત્રાસ પહોંચાડી, ભારતીય દંડ સંહિતાની કલમ-૨૯૪(ખ) સાથે વાંચતા કલમ-૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે.

(૪.૨) વધુમાં ઉપરોક્ત તારીખે, સમયે અને સ્થળે આરોપીઓએ ભેગા મળી, એકબીજાની મદદગારીમાં ફરિયાદીના મોટા ભાઈ નામે મોહમંદ મોહસીનખાન ઉર્ફે રાજા દિલાવરખાન પઠાણ સાથે અગાઉ થયેલ ઝઘડાની

અદાવત રાખી, આરોપી નં.૨ અને ૩ નાઓએ ફરિયાદીના માતા ફિરોઝાબેનને પેટના નીચેના કમરના ભાગે છરીના ત્રણ–ચાર ઘા તેમજ જમણી બાજુ હાથના કાંડાના નીચેના ભાગે તેમજ જમણી આંખના ભ્રમરના ભાગે ઘા મારી તેમજ ફરિયાદી મોહમદજાવેદ દિલાવરખાન પઠાણને ડાબા ગાલની ઉપર છરીનો ઘા મારેલ તેમજ જમણી તથા ડાબી બાજુ છાતી ઉપર છરી વડે ઘસરકા કરી, ઈજા પહોંચાડી તેમજ આરોપી નં.૧ નાએ આ ગુનામાં આરોપીઓ સાથે રહી, મદદગારી કરી, ફરિયાદી તથા તેના માતા ઉપર જીવલેણ હુમલો કરી, સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડેલ અને જો તે કારણે જો ફરિયાદી તથા તેના માતાનું મૃત્યુ નિપજ્યું હોત તો આરોપીઓ ખૂનના ગુના માટે દોષિત ઠરત અને તેમ કરીને આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭, ૩૨૪ સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે.

(૪.૩) વધુમાં, ઉપરોક્ત તારીખે, સમયે અને સ્થળે આરોપીઓએ એકબીજાની મદદગારીમાં ફરિયાદી તથા તેના માતાને જાનથી મારી નાંખવાની ધમકી આપી, ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૬(૨) સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે.

(૪.૪) વધુમાં, બનાવના અરસામાં પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેરનું હથિયારબંધીનું જાહેરનામું અસ્તિત્વમાં હોવા છતાં આરોપી નં.૨ અને ૩ નાએ ઉપરોક્ત તારીખે, સમયે અને સ્થળે જાહેરમાં છરી જેવું

હથિયાર ધારણ કરી, સદર જાહેરનામાનો ભંગ કરી, ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૧૩૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે.

(૫) આ કામના આરોપીઓ જામીન ઉપર મુક્ત હોય, નામદાર કોર્ટ સમક્ષ હાજર થતા, આ પ્રકરણમાં લાગુ પડતી ફોજદારી કાર્યરીતિ સંહિતાની જોગવાઈઓનું પાલન કરેલ હોવાની ખાતરી કરી, આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૨૯૪(ખ), ૩૦૭, ૩૨૪, ૫૦૬(૨) સાથે વાંચતા કલમ–૧૧૪ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ–૧૩૫(૧) ના આક્ષેપિત ગુના અંગે તહોમતનામું આંક–૭ થી ફરમાવવામાં આવેલ છે. આરોપીઓના નિવેદન અનુક્રમે આંક–૮ થી આંક–૧૦ સુધી નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ તેઓ વિરુદ્ધના ગુનાનો ઈન્કાર કરેલો છે અને તેમના વિરુદ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરેલ છે.

(૬) આરોપીઓ વિરુદ્ધ આંક–૭ થી ફરમાવવામાં આવેલા તહોમતનામાની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષ તરફે નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલા છેઃ–

**<u>મૌખિક પુરાવા</u>**

| શાહેદ નં. | શાહેદનું નામ | આંક | વિગત |
|---|---|---|---|
| **મુખ્ય શાહેદો** | | | |
| ૧ | મોહંમદ જાવેદ દિલાવરખાન પઠાણ | ૧૦ | ફરિયાદી– **વિમુખ** |

| | | | |
|---|---|---|---|
| ૨ | ફિરોજાબાનુ દિલાવરખાન પઠાણ | ૧૨ | ઈજા પામનાર– **વિમુખ** |
| ૩ | મોહંમદ મોહસીનખાન દિલાવરખાન પઠાણ | ૧૩ | ફરિયાદીના ભાઈ– **વિમુખ** |
| | **પંચ શાહેદો** | | |
| ૪ | સોયેબ અબ્દુલ કાદર શેખ | ૧૪ | આરોપી નં.૨ મારફત છરી કબજે કર્યા અંગેના પંચનામાના પંચ શાહેદ–**વિમુખ** |
| ૫ | સલીમ કાદરભાઈ શેખ | ૧૬ | આરોપીઓ મારફત છરી રીકવર કર્યા અંગેના પંચનામાના પંચ શાહેદ–**વિમુખ** |
| ૬ | મયુદ્દિન કરામતઅલી શેખ | ૨૧ | આરોપી નં.૨ મારફત છરી કબજે કર્યા અંગેના પંચનામાના પંચ શાહેદ–**વિમુખ** |
| ૭ | વિશાલ જયંતકુમાર ભટ્ટી | ૨૨ | આરોપીઓ મારફત છરી રીકવર કર્યા અંગેના પંચનામાના પંચ શાહેદ–**વિમુખ** |
| | **તબીબી શાહેદ** | | |
| ૮ | ડૉ.કુલદિપ જયંતીલાલ જોશી | ૨૮ | તબીબી શાહેદ |
| | **પોલીસ શાહેદ** | | |
| ૯ | વિનોદરાય મહેરામભાઈ સેલાર | ૩૪ | તપાસ કરનાર અમલદાર |

## દસ્તાવેજી પુરાવા

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૧૧ |
| ૨ | આરોપી નં.૨ મારફત છરી કબજે કર્યા અંગેનું પંચનામું | ૧૫ |
| ૩ | આરોપીઓ મારફત છરી રીકવર કર્યા અંગેનું પંચનામું | ૧૭ |
| ૪ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૮ |
| ૫ | ફરિયાદી તેમજ ઈજા પામનારે બનાવ વખતે પહેરેલા કપડા કબજે કર્યા અંગેનું પંચનામું | ૧૯ |
| ૬ | ઈજા પામનાર ફીરોઝાબાનુ પઠાણનું ઈજાનું પ્રમાણપત્ર | ૨૯ |
| ૭ | આરોપી જાકીરહુસેન સોકતઅલી શેખનું મેડીકો લીગલ સર્ટિફિકેટ | ૩૦ |
| ૮ | આરોપી અબ્દુલસમદ મહંમદઈબ્રાહિમ શેખનું મેડીકો લીગલ સર્ટિફિકેટ | ૩૧ |
| ૯ | ચાર્જ અમલદારનો રીપોર્ટ | ૩૫ |
| ૧૦ | પોલીસ વર્ધી | ૩૬ |
| ૧૧ | શેઠ વી.એસ. હોસ્પિટલમાંથી મળેલ વર્ધી | ૩૭ |
| ૧૨ | ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળાનું રવાનગી ફોર્મ | ૩૮ |
| ૧૩ | ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળાની મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ | ૩૯, ૪૦ |

(૭) ફરિયાદ પક્ષે આંક–૪૧ થી ક્લોઝીંગ પુરસીસ આપી પુરાવો પૂરો થયાનું જાહેર કરતાં, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ મુજબ આરોપીઓના વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. આરોપીઓએ તેઓના

વિશેષ નિવેદનમાં ફરિયાદ પક્ષના કેસનો સદંતર ઈન્કાર કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, તેમના ઉપર પુરાવા ન હોવા છતાં ખોટું ચાર્જશીટ કરી, તેમને ગુનામાં ખોટા સંડોવી દીધેલ છે. ન્યાયના હિતમાં નિર્દોષ ઠરાવી છોડી મૂકવા વિનંતી કરેલ છે.

(૮) પુરાવાના અંતે ફરિયાદ પક્ષ તરફે વિ.એડિશ્નલ પબ્લિક પ્રોસીક્યૂટરશ્રી આર.એફ.પટણીની દલીલો સાંભળી. વિ.એડિશ્નલ પબ્લિક પ્રોસીક્યૂટરશ્રી પટણી નાઓએ મુખ્યત્વે એવી દલીલ કરેલી છે કે, સદર કામના ફરિયાદી તથા અન્ય મુખ્ય શાહેદો વિમુખ જાહેર થયેલા છે, પંચ શાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી. પરંતુ આંક–૨૮ થી તપાસવામાં આવેલ તબીબી શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં ઈજા પામનારને આરોપીઓ દ્વારા ઈજા કરવામાં આવેલ હોવાની હિસ્ટ્રી આપેલ હોવાનું જણાવેલ છે અને ઈજા પામનારના શરીર ઉપર થયેલ ઈજા વર્ણવેલ છે અને તેને સમર્થનકારી તબીબી પુરાવા રજૂ કરેલા છે. આ ઉપરાંત તપાસ કરનાર અમલદારે તેમની આંક–૩૪ ની સોગંદ પરની જુબાનીમાં ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરતી હકીકત જણાવેલ છે અને વિમુખ શાહેદોના વિરોધાભાસ પુરવાર કરેલ છે. આથી સદર મૌખિક પુરાવા અને ફરિયાદ પક્ષે રજૂ કરેલા દસ્તાવેજી પુરાવા આધારે આરોપીઓને આક્ષેપિત ગુના માટે તકસીરવાર ઠરાવી સજા કરવા વિનંતી કરેલ છે.

(૯) આરોપીઓ તરફેના વિ.વકીલશ્રી એમ. આઈ. બોલવાલા

નાઓએ મુખ્યત્વે એવી દલીલ કરેલી છે કે, ફરિયાદ પક્ષે તપાસેલા ફરિયાદી તથા અન્ય મુખ્ય શાહેદોએ ફરિયાદ પક્ષના કેસને સમર્થન પૂરું પાડેલ નથી અને તેઓ વિમુખ જાહેર થયેલા છે. આ ઉપરાંત પંચ શાહેદોએ પણ પંચનામાની હકીકતને સમર્થન પૂરું પાડેલ નથી. જેથી પંચનામાની હકીકત પુરવાર થતી નથી. તબીબી શાહેદે તેમના મૌખિક પુરાવામાં ઈજા પામનારના શરીર ઉપર ઈજાનું વર્ણન કરેલ છે અને તેના આનુષાંગિક દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. પરંતુ તે મૌખિક અને દસ્તાવેજી પુરાવા આધારે એવી કોઈ હકીકત ફલિત થતી નથી કે, સદર બનાવમાં ઈજા પામનારને જે ઈજાઓ થયેલ હતી, તે આરોપીઓ દ્વારા જ કરવામાં આવેલ હતી. આ ઉપરાંત ફકત તપાસ કરનાર અમલદારના મૌખિક પુરાવા આધારે આરોપીઓને આક્ષેપિત ગુના માટે તકસીરવાર ઠરાવી શકાય નહીં. આમ, ફરિયાદ પક્ષ આરોપીઓ વિરુદ્ધ આંક-૭ થી ફરમાવવામાં આવેલ તહોમતનામાની હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કરવા વિનંતી કરેલ છે.

(૧૦) આ પ્રકરણમાં ફરિયાદ પક્ષે રજૂ કરેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા, ઉભય પક્ષકારોના વિ.વકીલશ્રીઓ દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ દલીલો, કાયદાકીય પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાનમાં લેતાં, આ પ્રકરણના ન્યાયી નિરાકરણ માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છેઃ-

૧. શું ફરિયાદ પક્ષ એ હકીકત પુરવાર કરે છે કે, તારીખઃ

૨૦.૧૦.૨૦૧૫ ના રોજ રાત્રિના કલાક ૨.૧૫ વાગ્યાના સુમારે, ફરિયાદી મોહમદજાવેદ દિલાવરખાન પઠાણના ઘર પાસે કે જે ચંપા મીલની ચાલી, એલેહદીસ મસ્જીદની બાજુમાં, મુંડા દરવાજા, જમાલપુર, અમદાવાદ ખાતે આવેલ છે કે જે સ્થળ જાહેર સ્થળ છે, ત્યાં આરોપીઓએ ભેગા મળી, એકબીજાની મદદગારીમાં ફરિયાદીના મોટા ભાઈ નામે મોહમંદ મોહસીનખાન ઉર્ફે રાજા દિલાવરખાન પઠાણ સાથે અગાઉ થયેલ ઝઘડાની અદાવત રાખી, ફરિયાદીના માતા નામે ફિરોઝાબેનને અશ્લીલ શબ્દો ઉચ્ચારીને, બિભત્સ ગાળો બોલી, ફરિયાદીના માતા ફિરોઝાબેન તથા ફરિયાદી મોહમદજાવેદ દિલાવરખાન પઠાણને ત્રાસ પહોંચાડી, ભારતીય દંડ સંહિતાની કલમ-૨૯૪(ખ) સાથે વાંચતા કલમ-૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

૨. શું ફરિયાદ પક્ષ એ હકીકત પુરવાર કરે છે કે, ઉપરોક્ત તારીખે, સમયે અને સ્થળે આરોપીઓએ ભેગા મળી એકબીજાની મદદગારીમાં ફરિયાદીના મોટા ભાઈ નામે મોહમંદ મોહસીનખાન ઉર્ફે રાજા દિલાવરખાન પઠાણ સાથે અગાઉ થયેલ ઝઘડાની અદાવત રાખી, આરોપી નં.૨ અને ૩ નાઓએ ફરિયાદીના માતા ફિરોઝાબેનને પેટના નીચેના કમરના ભાગે છરીના ત્રણ-ચાર ઘા તેમજ જમણી બાજુ

હાથના કાંડાના નીચેના ભાગે તેમજ જમણી આંખના ભ્રમરના ભાગે ઘા મારી તેમજ ફરિયાદી મોહમદજાવેદ દિલાવરખાન પઠાણને ડાબા ગાલની ઉપર છરીનો ઘા મારેલ તેમજ જમણી તથા ડાબી બાજુ છાતી ઉપર છરી વડે ઘસરકા કરી, ઈજા પહોંચાડી તેમજ આરોપી નં.૧ નાએ આ ગુનામાં આરોપીઓ સાથે રહી, મદદગારી કરી, ફરિયાદી તથા તેના માતા ઉપર જીવલેણ હુમલો કરી, સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડેલ અને જો તે કારણે જો ફરિયાદી તથા તેના માતાનું મૃત્યુ નિપજ્યું હોત તો આરોપીઓ ખૂનના ગુના માટે દોષિત ઠરત અને તેમ કરીને આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૭, ૩૨૪ સાથે વાંચતા કલમ-૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

૩. શું ફરિયાદ પક્ષ એ હકીકત પુરવાર કરે છે કે, ઉપરોક્ત તારીખે, સમયે અને સ્થળે આરોપીઓએ એકબીજાની મદદગારીમાં ફરિયાદી તથા તેના માતાને જાનથી મારી નાંખવાની ધમકી આપી, ભારતીય દંડ સંહિતાની કલમ-૫૦૬(૨) સાથે વાંચતા કલમ-૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

૪. શું ફરિયાદ પક્ષ એ હકીકત પુરવાર કરે છે કે, બનાવના

અરસામાં પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેરનું હથિયારબંધીનું જાહેરનામું અસ્તિત્વમાં હોવા છતાં આરોપી નં.૨ અને ૩ નાએ ઉપરોક્ત તારીખે, સમયે અને સ્થળે જાહેરમાં છરી જેવું હથિયાર ધારણ કરી, સદર જાહેરનામાનો ભંગ કરી, ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

૫. શું હુકમ?

(૧૧) ઉપરોકત મુદ્ધાના કારણોમાં ચર્ચા કરી છે, તે મુજબ નિર્ણયો નીચે મુજબ છેઃ-

૧. નકારમાં.

૨. નકારમાં.

૩. નકારમાં.

૪. નકારમાં.

૫. આખરી હુકમ મુજબ.

**<u>કા ર ણો</u>**

(૧૨) આ પ્રકરણમાં ફરિયાદ પક્ષ દ્ધારા રજૂ કરવામાં આવેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓનો સંપૂર્ણપણે અભ્યાસ કરવામાં આવેલ છે. ફરિયાદ પક્ષે વિ.એડિશ્નલ પબ્લિક પ્રોસીક્યૂટરશ્રી આર. એફ. પટણી

તથા આરોપી પક્ષે વિ.વકીલશ્રી એમ. આઈ. બોલવાલા નાઓની તાર્કીક અને ભારપૂર્વકની દલીલો તેમજ નામદાર સર્વોચ્ચ અદાલત તથા નામદાર ઉચ્ચ ન્યાયાલયોના ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિદ્ધાંતો તેમજ કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવામાં આવેલ છે. અત્રે એ નોંધવું જરૂરી છે કે, ફોજદારી પ્રકરણમાં આપણા દેશમાં ચાલતી ન્યાય પ્રણાલી મુજબ, ફરિયાદ પક્ષે પોતાનો કેસ શંકાથી પર સાબિત કરવાનો હોય છે. એટલે કે, આરોપી વિરુદ્ધનો કેસ પુરવાર કરવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર છે, સિવાય કે, આરોપી પક્ષ દ્વારા કોઈ ચોક્કસ પ્રકારનો બચાવ ઉપસ્થિત કરવામાં આવેલ હોય. એટલું જ નહીં, ફોજદારી પ્રકરણમાં જ્યારે બે વ્યુ શકય બનતા હોય, ત્યારે આરોપીની તરફેણનો વ્યુ લેવાનો હોય છે. સાથેસાથે એ નોંધવું જરૂરી છે કે, શંકા એટલે સુદ્રઢ અને સ્વસ્થ મન વિચારે તેવી શંકા. માત્ર સામાન્ય વિરોધાભાસ તપાસ એજન્સીની ખામી, ફરિયાદ દાખલ થવામાં થયેલ વિલંબ, આવા ક્ષુલ્લક કારણો ફરિયાદ પક્ષના સાતત્યસભર પુરાવાને અસરકર્તા નિવડતા નથી. આવા મૂળભૂત સિદ્ધાંતોને ધ્યાનમાં લેતાં, આ પ્રકરણમાં રજૂ થયેલ પુરાવા, ઉભય પક્ષકારો તરફથી ઉપસ્થિત કરવામાં આવેલ તાર્કીક અને ભારપૂર્વકની મૌખિક દલીલોની જરૂર જણાયે યોગ્ય જગ્યાએ ચર્ચા કરવામાં આવી છે.

(૧૩) **<u>મુદ્દા નં.૧ થી ૪</u> :-**

ઉપરોક્ત મુદ્દા નં.૧ થી ૪ એકબીજા સાથે સંકળાયેલા હોય, સમજૂતીની સરળતા અને ચર્ચાનું પુનરાવર્તન ટાળવાના ઉદ્દેશથી સદરહુ

મુદ્દા નં.૧ થી ૪ ના કારણોની ચર્ચા સંયુક્ત રીતે કરવામાં આવેલ છે.

**<u>મુખ્ય શાહેદોનો પુરાવો</u>** :-

(૧૪) આરોપીઓ વિરુદ્ધ આંક-૭ થી ફરમાવવામાં આવેલા તહોમતનામાની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષે શાહેદ નં.૧ તરીકે મોહંમદ જાવેદ દિલાવરખાન પઠાણને આંક-૧૦ થી તપાસવામાં આવેલ છે. તેઓ સદર કામના ફરિયાદી છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, આજથી આશરે અઢી વર્ષ પહેલાં મહોલ્લામાં તેમના મમ્મીને છરીઓ મારેલી હતી, ત્યારે રાત્રિનો સમય હતો. મોઢા ઉપર રૂમાલ બાંધીને આવેલા હતા. તેઓ તેના મમ્મીને મારી જતા રહેલા હતા. મહોલ્લામાં તેના ભાઈ મોહસીનને કોની સાથે અદાવત હતી, તેની તેમને ખબર નથી. તેમને મોઢાના ભાગે, જમણી આંખના ભ્રમરના નીચેના ભાગે, તેમના મમ્મીને ડાબી બાજુ કમરના ભાગે વાગેલું હતું. કોણે મારેલું તેની તેમને ખબર નથી. તેમના વાગતા સારવાર માટે વી.એસ. હોસ્પિટલમાં લઈ ગયેલા હતા. ત્યાં પોલીસે એક લખાણ લખેલું અને તેમાં તેમની સહી લીધેલી. તેમાં શું લખેલું છે, તે તેમને ખબર નથી. સદરહુ શાહેદે આંક-૧૧ થી ફરિયાદ રજૂ કરેલ છે. સદરહુ શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં આંક-૧૧ ની ફરિયાદને સમર્થન કરતી કોઈ હકીકત જણાવેલ નથી. આથી ફરિયાદ પક્ષે સદરહુ શાહેદને વિમુખ જાહેર કરેલા છે અને નામદાર કોર્ટની પરવાનગીથી વિ.એડિશ્નલ પબ્લિક પ્રોસીક્યૂટરશ્રીએ સદરહુ શાહેદની ઊલટતપાસ કરેલ છે. પરંતુ તેમાંથી ફરિયાદ પક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત

ફલિત થતી નથી. આરોપીઓ તરફેની ઊલટતપાસમાં તેઓએ એ હકીકતને સમર્થન આપેલ છે કે, અજાણ્યા માણસો આવેલા, તેમણે તેમને તથા તેમના મમ્મીને ઈજાઓ પહોંચાડેલ હતી. તેમના મમ્મીને તેમના મામાની સાથે ઝઘડો તકરાર ચાલતી હોય, તેમના નામો બીજાએ ફરિયાદમાં લખાવી દીધેલા છે. આમ, ફરિયાદ પક્ષના મુખ્ય શાહેદ એવા ફરિયાદીના મૌખિક પુરાવાથી ફરિયાદ પક્ષના કેસની હકીકત પુરવાર થતી નથી.

(૧૫) આક્ષેપિત બનાવમાં ઈજા પામનાર ફિરોજાબાનુ દિલાવરખાન પઠાણને શાહેદ નં.૨ તરીકે આંક-૧૨ થી તપાસમાં આવેલ છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, આજથી આશરે બે-અઢી વર્ષ પહેલાં રાત્રિના બે-સવા બે વાગ્યાના સુમારે તેઓ અને તેમના છોકરાઓ તેમની ઘરની બહાર આંગણામાં સુતા હતા, ત્યારે રાત્રિના સમયે ત્રણ-ચાર જણા વાહન ઉપર આવેલા હતા. તેમના હાથમાં છરીઓ હતી. તે લોકોએ તેમના છોકરા જાવેદને તથા તેમને પેટના ભાગે છરીઓ વડે ઈજા પહોંચાડેલી. તેઓએ બચાવો-બચાવોની બૂમાબૂમ કરતા તે લોકો ભાગી ગયેલા હતા. તેમને ઈજાની સારવાર માટે તેમના છોકરા વી.એસ. હોસ્પિટલમાં લઈ ગયેલા હતા. ત્યાં તેમની પૂછપરછ કરેલી હતી. તેમાં શું લખાવેલું હતું, તેની તેમને ખબર નથી. કારણ કે, તે વખતે તેઓ અર્ધબેભાન હતા, બોલીચાલી શકે તેમ ન હતા. બનાવ અંગે તેમના દીકરા જાવેદે ફરિયાદ આપેલી હતી. તેમને જે છરીથી ઈજાઓ પહોંચાડેલી, તે બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે નહીં. તેમણે કોઈ મુદ્દામાલ

પોલીસમાં રજૂ કરેલ નથી. એવું બનેલ નથી કે, તેમના છોકરા મોહસીને આરોપી જાકીર મેડમ જુગાર સટ્ટાનો ધંધો કરતા હોય, ધંધો બંધ કરાવી દઈશ, તેને ધ્યાનમાં રાખી આરોપીઓએ તેમના છોકરા સાથે ઝઘડો કરેલ અને તેમને ઈજા પહોંચાડેલ હોય. એવું બનેલ નથી કે, વી.એસ.હોસ્પિટલમાં સારવાર દરમ્યાન એકઝીક્યૂટીવ મેજિસ્ટ્રેટશ્રીએ તેમનું નિવેદન લીધેલું હોય. સદરહુ શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરતી કોઈ હકીકત જણાવેલ નથી. આથી ફરિયાદ પક્ષે સદરહુ શાહેદને વિમુખ જાહેર કરેલા છે અને નામદાર કોર્ટની પરવાનગીથી વિ.એડિશ્નલ પબ્લિક પ્રોસીક્યૂટરશ્રીએ સદરહુ શાહેદની ઊલટતપાસ કરેલ છે. પરંતુ તેમાંથી ફરિયાદ પક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત ફલિત થતી નથી. આરોપીઓ તરફેની ઊલટતપાસમાં તેઓએ એ હકીકતને સમર્થન આપેલ છે કે, હોસ્પિટલમાં ડૉકટરે તેમની કોઈ પૂછપરછ કરેલી નથી. તેમને તેમના ભાઈની સાથે ઝઘડો તકરાર ચાલતી હોય, તેમના નામો બીજાએ ફરિયાદમાં લખાવી દીધેલા છે. આમ, સદરહુ ઈજા પામનાર શાહેદના મૌખિક પુરાવા આધારે આરોપીઓને આક્ષેપિત ગુના સાથે સાંકળી શકાય તેમ નથી.

(૧૬) ફરિયાદ પક્ષે શાહેદ નં.૩ તરીકે મોહંમદ મોહસીનખાન દિલાવરખાન પઠાણને આંક-૧૩ થી તપાસેલ છે. સદરહુ શાહેદ ફરિયાદીના ભાઈ તથા ઈજા પામનાર ફિરોજાબાનુના પુત્ર છે. સદરહુ શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, આજથી આશરે બે-અઢી વર્ષ પહેલાં

રાત્રિના તેઓ સુતા હતા, ત્યારે અજાણ્યા ઈસમોએ વાહન ઉપર આવી, તેમના મમ્મી અને ભાઈ જાવેદને કમરના ભાગે તથા શરીરના અન્ય ભાગે છરીઓ વડે ઈજા પહોંચાડેલી હતી. આ સમયે તેઓ ઘરમાં સુતા હતા. બચાવો–બચાવોની બૂમાબૂમ થતા, તેઓ બહાર આવેલા અને જોયેલ તો તેના મમ્મી અને ભાઈને વાગેલું હતું. આથી ૧૦૮ એમ્બ્યુલન્સ આવતા, તેમના મમ્મી તથા ભાઈને વી.એસ. હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલા. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તારીખઃ ૧૯.૧૦.૨૦૧૫ ના રોજ તેઓ પતંગનું કામ કરી બહાર આંટો મારવા ગયેલ ત્યારે તેમને જાણવા મળેલ કે, તેમના મમ્મી સાથે સાબીર મેડમ, જાકીર મેડમ અને બીજો એક ઈસમ ઝઘડો કરે છે, જેથી તેઓ તરત પાછા આવી ગયેલ, તેમણે તેમના મમ્મીને પૂછેલ તો, આરોપીઓએ આવી ખુલ્લી ગાળો બોલી ઝઘડો કરેલ હોય. તેઓએ એ હકીકતનો પણ ઈન્કાર કરેલ છે કે, તેઓ તે દિવસે ઘરમાં સુઈ રહેલા હોય અને રાત્રિના આરોપીઓએ આવી તેમના મમ્મીને તથા ભાઈ જાવેદને પોતાના હાથમાની છરીઓ વડે ઈજાઓ પહોંચાડેલી હોય. તેઓ છરી કે તેવો કોઈ મુદ્દામાલ જોયેલ ન હોય ઓળખી શકે નહીં. સદરહુ શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરતી કોઈ હકીકત જણાવેલ નથી. આથી ફરિયાદ પક્ષે સદરહુ શાહેદને વિમુખ જાહેર કરેલા છે અને નામદાર કોર્ટની પરવાનગીથી વિ.એડિશ્નલ પબ્લિક પ્રોસીક્યૂટરશ્રીએ સદરહુ શાહેદની ઊલટતપાસ કરેલ છે. પરંતુ તેમાંથી ફરિયાદ પક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત ફલિત થતી નથી. આરોપીઓ તરફેની ઊલટતપાસમાં તેઓએ એ હકીકતને સમર્થન આપેલ છે

કે, બનાવ વખતે રાત્રિનો સમય હતો. અજાણ્યા માણસો આવેલા, તેમણે તેમના ભાઈ જાવેદને તથા તેમના મમ્મીને ઈજાઓ પહોંચાડેલી હતી. તેમના મમ્મીને તેમના મામાની સાથે ઝઘડો–તકરાર ચાલતી હોય, તેમના નામો બીજાએ ફરિયાદમાં લખાવી દીધેલા છે. આમ, આ શાહેદે પણ ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી.

**<u>પંચ શાહેદોનો પુરાવો</u> :–**

(૧૭) ફરિયાદ પક્ષે પંચ શાહેદ સોયેબ અબ્દુલ કાદર શેખને શાહેદ નં.૪ તરીકે આંક–૧૪ થી તપાસેલા છે. તેઓએ આંક–૧૫ થી આરોપી નં.૨ મારફત છરી કબજે કર્યા અંગેનું પંચનામું રજૂ કરેલ છે. આ જ પંચનામાના બીજા પંચ મયુદ્દિન કરામતઅલી શેખને શાહેદ નં.૬ તરીકે આંક–૨૧ થી તપાસેલ છે. આ બંને પંચ શાહેદોએ તેઓની સોગંદ પરની જુબાનીમાં આંક–૧૫ ના પંચનામાને સમર્થન કરતી કોઈ હકીકત જણાવેલ નથી. આથી ફરિયાદ પક્ષે સદરહુ બંને પંચ શાહેદોને વિમુખ જાહેર કરેલા છે અને વિ.એડિશ્નલ પબ્લિક પ્રોસીક્યૂટરશ્રીએ સદરહુ બંને પંચ શાહેદોની વિગતવાર ઊલટતપાસ કરેલ છે. પરંતુ આ ઊલટતપાસમાંથી ફરિયાદ પક્ષના કેસને અથવા તો આંક–૧૫ ના પંચનામાની હકીકતોને કોઈ પણ રીતે સમર્થન પ્રાપ્ત થતું નથી.

(૧૮) ફરિયાદ પક્ષે પંચ શાહેદ સલીમ કાદરભાઈ શેખને શાહેદ નં.૫ તરીકે આંક–૧૬ થી તપાસેલ છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાની

દરમ્યાન આંક–૧૭ આરોપીઓ મારફત છરી રીકવર કર્યા અંગેનું પંચનામું રજૂ કરેલ છે. આ જ પંચનામાના બીજા પંચ વિશાલ જયંતકુમાર ભટ્ટીને શાહેદ નં.૭ તરીકે આંક–૨૨ થી તપાસેલા છે. આ બંને પંચ શાહેદોએ તેઓની સોગંદ પરની જુબાનીમાં આંક–૧૭ ના પંચનામાને સમર્થન કરતી કોઈ હકીકત જણાવેલ નથી. આથી ફરિયાદ પક્ષે સદરહુ બંને પંચ શાહેદોને વિમુખ જાહેર કરેલા છે અને વિ.એડિશ્નલ પબ્લિક પ્રોસીક્યૂટરશ્રીએ સદરહુ બંને પંચ શાહેદોની વિગતવાર ઊલટતપાસ કરેલ છે. પરંતુ આ ઊલટતપાસમાંથી ફરિયાદ પક્ષના કેસને અથવા તો આંક–૧૭ ના પંચનામાની હકીકતોને કોઈ પણ રીતે સમર્થન પ્રાપ્ત થતું નથી.

<u>**તબીબી શાહેદનો પુરાવો**</u> :–

(૧૯) ફરિયાદ પક્ષે શાહેદ નં.૮ તરીકે ડૉ.કુલદિપ જયંતીલાલ જોશીને આંક–૨૮ થી તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તારીખઃ ૨૦.૧૦.૨૦૧૫ ના રોજ સવારના ૨.૪૫ વાગ્યે ફિરોઝાબાનુ દિલાવરખાન પઠાણ નામના દર્દીને વી.એસ.હોસ્પિટલ ખાતે લાવવામાં આવેલ. દર્દીને સામાવાળાઓએ તા.૨૦.૧૦.૨૦૧૫ ના રોજ સવારે ૨.૧૦ વાગ્યે તેઓના ઘરે સુતા હતા, ત્યારે ચપ્પા દ્વારા તેમના પેટ, મોઢા, જમણા હાથ, છાતીના જમણા ભાગે ઈજા પહોંચાડેલ. જે વિગત દર્દીના પુત્ર ઈબ્રાહિમ દ્વારા આપવામાં આવેલ. આ ઉપરાંત સદરહુ શાહેદે ઈજા પામનારના શરીર ઉપર કુલ છ ઈજા હોવાનું જણાવી તેનું વિગતવાર વર્ણન કરેલ છે તેમજ આંતરિક ઈજાનું વર્ણન કરેલ છે. દર્દીને થયેલ આ

ઈજાઓ ગંભીર પ્રકારની હતી. સદરહુ શાહેદે આંક–૨૯ થી ઈજા પામનાર ફીરોઝાબાનુ પઠાણનું ઈજાનું પ્રમાણપત્ર રજૂ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, તારીખઃ ૧૮.૧૧.૨૦૧૫ ના રોજ બપોરે ૩.૧૫ વાગ્યે દર્દી નામે જાકીરહુસેન સોકતઅલી શેખને પોલીસ કોન્સ્ટેબલ મારફત વી.એસ. હોસ્પિટલ ખાતે લાવવામાં આવેલ. તેમને ડૉ.કર્ણિક દ્વારા તપાસવામાં આવેલ. તેમને કોઈ તકલીફ ન હતી, કોઈ ઈજાના નિશાન હતા નહીં. તેમનું મેડીકો લિગલ સર્ટિફિકેટ આંક–૩૦ થી રજૂ કરેલ છે. સદરહુ શાહેદે વધુમાં જણાવેલ છે કે, તારીખઃ ૧૧.૧૧.૨૦૧૫ ના રોજ બપોરે ૩.૩૦ વાગ્યે દર્દી નામે અબ્દુલસમદ મહંમદઈબ્રાહિમ શેખને પોલીસ કોન્સ્ટેબલ મારફતે વી.એસ. હોસ્પિટલ ખાતે લાવવામાં આવેલ. તેમને ડૉ.કર્ણિક દ્વારા તપાસવામાં આવેલ. તેમને કોઈ તકલીફ ન હતી, કોઈ ઈજાના નિશાન હતા નહીં. તેમનું મેડીકો લિગલ સર્ટિફિકેટ આંક–૩૧ થી રજૂ કરેલ છે. આરોપીઓ તરફેની ઊલટતપાસમાં તેઓએ એ હકીકતને સમર્થન આવેલ છે કે, ઉપરોક્ત દર્દીઓને તેમણે સારવાર આપેલ નથી કે તેમણે તપાસેલ નથી.

<u>**પોલીસ શાહેદનો પુરાવો**</u> :–

(૨૦) ફરિયાદ પક્ષે શાહેદ નં.૯ તરીકે વિનોદરાય મહેરામભાઈ સેલારને આંક–૩૪ થી તપાસેલ છે. આ શાહેદ સદર ગુનાની તપાસ કરનાર અમલદાર છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેમને સદર ગુનાની તપાસ સોંપાતા, તેઓએ તપાસ સંભાળી લઈ,

બનાવવાળી જગ્યાની વીઝીટ કરેલી, એફ.એસ.એલ. ના અધિકારીઓને બનાવવાળી જગ્યાએ બોલાવવા તજવીજ કરેલી, બે પંચો રૂબરૂ પંચનામું કરવામાં આવેલ, એફ.એસ.એલ. અધિકારીઓના માર્ગદર્શન મુજબ જરૂરી પુરાવા સ્થાનિક જગ્યાએથી એકત્રિત કરવામાં આવેલ. ઈજા પામનારનું મરણોન્મુખ નિવેદન લેવા માટે સંબંધિત અધિકારીને યાદી લખેલ. લાગતા-વળગતા શાહેદોના નિવેદનો નોંધેલા. ઈજા પામનારના લોહીવાળા કપડા પંચનામાની વિગતે કબજે લીધેલા. આરોપી મારફતે ગુનાના કામે વપરાયેલ હથિયાર કબજે લીધેલ અને આરોપીઓ વિરુદ્ધ પૂરતા પુરાવા હોય, ચાર્જશીટ કરેલાનું જણાવેલ છે. સદરહુ શાહેદે આંક-૩૫ થી ચાર્જ અમલદારનો રીપોર્ટ, આંક-૩૬ થી પોલીસ વર્ધી, આંક-૩૭ થી શેઠ વી.એસ. હોસ્પિટલમાંથી મળેલ વર્ધી, આંક-૩૮ થી ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળાનું રવાનગી ફોર્મ, આંક-૩૯ અને ૪૦ થી ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળાની મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ રજૂ કરેલ છે. સદરહુ શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં વિમુખ થયેલા શાહેદોની જુબાનીના વિરોધાભાસ પુરવાર કરેલ છે. આરોપી પક્ષ તરફેની ઊલટતપાસમાં આરોપી પક્ષે કરવામાં આવેલા સજેશન્સનો તેઓએ ઈન્કાર કરેલ છે.

**<u>પુરાવાનું મુલ્યાંકન</u>** :-

(૨૧) ઉપરોક્ત વિગતે ફરિયાદ પક્ષે રજૂ કરવામાં આવેલા મૌખિક પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરિયાદ પક્ષના મુખ્ય શાહેદ એવા

ફરિયાદી મોહંમદ જાવેદ દિલાવરખાન પઠાણ, ઈજા પામનાર ફિરોજાબાનુ દિલાવરખાન પઠાણ અને ફરિયાદીના ભાઈ–ઈજા પામનારના પુત્ર મોહંમદ મોહસીનખાન દિલાવરખાન પઠાણ નાઓએ તેઓની સોગંદ પરની જુબાનીમાં ફરિયાદ પક્ષના કેસની હકીકતને તેમજ ફરિયાદને કોઈ પણ રીતે સમર્થન પૂરું પાડેલ નથી અને વિમુખ જાહેર થયેલા છે. આથી આ શાહેદોની જુબાની આધારે આરોપીઓને આક્ષેપિત ગુના સાથે સાંકળી શકાય તેમ નથી. આંક–૧૫ અને આંક–૧૭ ના પંચનામાના પંચ શાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી અને તેઓ વિમુખ જાહેર થયેલા છે. જેથી આ શાહેદોની જુબાની આધારે પંચનામાની હકીકત પુરવાર થયેલ નથી. તબીબી શાહેદે તેમની આંક–૨૮ ની સોગંદ પરની જુબાનીમાં ઈજા પામનારાઓને સામાવાળાઓએ છરી વડે ઈજા પહોંચાડેલ હોવાની હિસ્ટ્રી ઈજા પામનારના પુત્ર ઈબ્રાહીમ દ્વારા આપવામાં આવેલ હોવાનું જણાવેલ છે. પરંતુ ફરિયાદ પક્ષે ઈબ્રાહીમ નામની વ્યક્તિને શાહેદ તરીકે તપાસેલ નથી કે જેના આધારે ઉપરોક્ત હકીકતને સમર્થન પ્રાપ્ત થાય. આ ઉપરાંત ખુદ ઈજા પામનાર ફિરોજાબાનુ અને ફરિયાદી મોહંમદ પઠાણ નાઓ આ કામના આરોપીઓએ તેઓને ઈજા પહોંચાડેલ હોવાનું જણાવતા ન હોય અને બીજી વ્યક્તિએ આરોપીના નામ ફરિયાદમાં લખાવેલ હોવાનું જણાવતા હોય, ત્યારે ફક્ત તબીબી શાહેદના પુરાવા આધારે આરોપીઓ આક્ષેપિત ગુના સાથે સંકળાયેલા છે, તેવું કોઈ પણ સંજોગોમાં માની કે સ્વીકારી શકાય તેમ નથી. આ ઉપરાંત તપાસ કરનાર અમલદારનો મૌખિક પુરાવો ધ્યાને લેવામાં આવે તો તેઓએ તેમની ફરજની રૂએ તપાસ કરેલ

હોવાનું જણાઈ આવે છે. પરંતુ તેઓના મૌખિક પુરાવાને ફરિયાદી, ઈજા પામનાર કે અન્ય કોઈ પણ મુખ્ય શાહેદોના મૌખિક પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતું નથી. આ ઉપરાંત ફરિયાદ પક્ષે આંક–૧૮ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું, આંક–૧૯ થી ફરિયાદી તેમજ ઈજા પામનારે બનાવ વખતે પહેરેલા કપડા કબજે કર્યા અંગેનું પંચનામું, આંક–૩૮ થી ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળાનું રવાનગી ફોર્મ અને આંક–૩૯, ૪૦ થી ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળાની મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ રજૂ કરેલ છે. પરંતુ આ તમામ પુરાવા તેમજ ફરિયાદ પક્ષે રજૂ કરેલા અન્ય દસ્તાવેજી પુરાવા પરથી બનાવવાળી જગ્યાએ આરોપીઓના જુથનું લોહી મળી આવેલ હોય અથવા તો મુદ્દામાલની છરી ઉપર આરોપીઓના હાથના નિશાન કે તેમના જુથનું લોહી મળી આવેલ હોય, તેવી કોઈ હકીકત ફલિત થતી નથી.

(૨૨) આમ, બનાવ તારીખે, સમયે અને સ્થળે ફરિયાદી મોહમદજાવેદ દિલાવરખાન પઠાણના ઘર પાસે આરોપીઓએ ભેગા મળી, એકબીજાની મદદગારીમાં ફરિયાદીના મોટા ભાઈ નામે મોહમંદ મોહસીનખાન ઉર્ફે રાજા દિલાવરખાન પઠાણ સાથે અગાઉ થયેલ ઝઘડાની અદાવત રાખી, ફરિયાદીના માતા નામે ફિરોઝાબેનને અશ્લીલ શબ્દો ઉચ્ચારીને, બિભત્સ ગાળો બોલી, ફરિયાદીના માતા ફિરોઝાબેન તથા ફરિયાદી મોહમદજાવેદ દિલાવરખાન પઠાણને ત્રાસ પહોંચાડેલ હોય અને આરોપી નં.૨ અને ૩ નાઓએ ફરિયાદીના માતા ફિરોઝાબેનને પેટના નીચેના કમરના ભાગે છરીના ત્રણ–ચાર ઘા તેમજ જમણી બાજુ હાથના

કાંડાના નીચેના ભાગે તેમજ જમણી આંખના ભ્રમરના ભાગે ઘા મારી તેમજ ફરિયાદી મોહમદજાવેદ દિલાવરખાન પઠાણને ડાબા ગાલની ઉપર છરીનો ઘા મારેલ તેમજ જમણી તથા ડાબી બાજુ છાતી ઉપર છરી વડે ઘસરકા કરી, ઈજા પહોંચાડી તેમજ આરોપી નં.૧ નાએ આ ગુનામાં આરોપીઓ સાથે રહી, મદદગારી કરી, ફરિયાદી તથા તેના માતા ઉપર જીવલેણ હુમલો કરી, સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડેલ હોવાનું તેમજ ફરિયાદી તથા તેના માતાને જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોવાનું સબળ, વિશ્વસનીય અને આધારભુત મૌખિક અને દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ સદંતર નિષ્ફળ ગયેલ છે. આથી ફરિયાદ પક્ષ આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૨૯૪(ખ), ૩૦૭, ૩૨૪, ૫૦૬(૨) સાથે વાંચતા કલમ-૧૧૪ મુજબના ગુના પુરવાર કરી શકેલ ન હોવાનું આ અદાલતનું માનવું છે.

(૨૩) વધુમાં આ કામે આંક-૭ થી ફરમાવવામાં આવેલ તહોમતનામા મુજબ, આરોપી નં.૨ અને ૩ નાઓ વિરુદ્ધ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. ઉપર ચર્ચા કરી, તેને ધ્યાને લેતાં, આ કામના આરોપીઓ પૈકી કોઈ પણ આરોપી સ્થળ ઉપર હાજર હતા, તેઓએ હથિયાર ધારણ કરેલ હતું, તેઓએ ઈજા પામનારને ઈજા પહોંચાડેલી હતી, તેવું પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ સંપૂર્ણપણે નિષ્ફળ ગયેલ છે. વધુમાં બનાવના સ્થળે અને સમયે પોલીસ કમિશ્નરશ્રીનું હથિયારબંધીનું જાહેરનામું

અમલમાં હોવા અંગે પણ ફરિયાદ પક્ષે કોઈ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ નથી. એટલું જ નહીં, તપાસ કરનાર અમલદારે પણ આ બાબતે મૌન સેવેલ છે. તે સંજોગોમાં ફરિયાદ પક્ષ આરોપીઓ વિરુદ્ધ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૧૩૫(૧) મુજબનું તહોમત પુરવાર કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગયેલ છે.

(૨૪) ઉપરોક્ત હકીકતે ફરિયાદ પક્ષ આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૨૯૪(ખ), ૩૦૭, ૩૨૪, ૫૦૬(૨) સાથે વાંચતા કલમ–૧૧૪ તેમજ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૧૩૫(૧) મુજબના ગુના પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નં.૨ થી ૪ ના નિર્ણય 'નકારાત્મક' ઠરાવવામાં આવે છે.

(૨૫) **મુદ્દા નં.૫ :–**

આમ, ઉભય પક્ષકારોના વિ.વકીલશ્રીઓની તાર્કિક અને ભારપૂર્વકની દલીલો, રેકર્ડ ઉપર રજૂ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવો, કાયદાકીય પ્રસ્થાપિત સિદ્ધાંતો, નામદાર સર્વોચ્ચ અદાલત તેમજ નામદાર ઉચ્ચ ન્યાયાલયોના ચુકાદામાંના સિદ્ધાંતો તથા ઉપર ચર્ચા કરી તેને ધ્યાનમાં લેતાં, ફરિયાદ પક્ષ આંક–૭ થી ફરમાવવામાં આવેલ તહોમત મુજબ, આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૨૯૪(ખ), ૩૦૭, ૩૨૪, ૫૦૬(૨) સાથે વાંચતા કલમ–૧૧૪ તેમજ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૧૩૫(૧) મુજબના આક્ષેપિત ગુના માનવાલાયક,

સાતત્યસભર, આધારભૂત, વિશ્વાસજન્ય પુરાવાથી પુરવાર કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગયેલ હોવાનું માની, આ કેસના આખરી નિર્ણય માટે મુદ્દા નં.૫ અન્વયે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છેઃ-

(૨૬) આ કામે કબજે કરવામાં આવેલ તમામ મુદ્દામાલ બિનકિંમતી છે. તેવા સંજોગોમાં સદર તમામ મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે તો તે યોગ્ય, ન્યાયી અને ઉચિત રહેશે.

(૨૭) આરોપીઓએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૪૩૭(એ) મુજબ, અપીલ કોર્ટમાં હાજર રહેશે, તેવા ખાતરી આપતા છ માસના સમય માટેના રૂ.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પૂરા) ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજૂ કરવા હુકમ કરવામાં આવે છે.

## <u>હુ ક મ</u>

૧. ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૩૫(૧) અન્વયે **સેશન્સ કેસ નં.૧૦૩/૨૦૧૮** ના **આરોપી નં.૧ અબ્દુલસમદ મહમદઈબ્રાહીમ શેખ**, ઉં.૩૧ વર્ષ, ધંધોઃ વેપાર, રહેવાસીઃ મકાન નં.૧૩૩૨/૮, ચંપા મીલની ચાલી, એફ.ડી. હાઈસ્કૂલની પાસે,

સીંધીવાડ, જમાલપુર, અમદાવાદ શહેર તથા **આરોપી નં.૨ જાકીરહુશેન સોકતઅલી શેખ,** ઉં.૪૫ વર્ષ, ધંધોઃ વેપાર, રહેવાસીઃ મકાન નં.૨૫૬૧, ગાજીપીર દરગાહની પાછળ મિસ્ત્રી બિલ્ડિંગ સામે, ગાજીપીર, જમાલપુર, અમદાવાદ **તેમજ સેશન્સ કેસ નં.૧૧૩/૨૦૧૮** ના કામના આરોપી એટલે કે **આરોપી નં.૩ શાબીરહુશેન ઉર્ફે મેડમ શોકતઅલી શેખ**, ઉં.૪૦ વર્ષ, ધંધોઃ દરજીકામ, રહેવાસીઃ મકાન નં.૧૩૩૨/૮, ચંપા મીલની ચાલી, સીંધીવાડ, જમાલપુર, અમદાવાદ શહેર નાઓને ભારતીય દંડ સંહિતાની કલમ-૨૯૪(ખ), ૩૦૭, ૩૨૪, ૫૦૬(૨) સાથે વાંચતા કલમ–૧૧૪ તેમજ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૧૩૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુનામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે કબજે કરવામાં આવેલ તમામ મુદ્દામાલ બિનકિંમતી હોય, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૫૨ અન્વયે, અપીલ સમય પૂરો થયા બાદ તેનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામના આરોપીઓએ અગાઉ આપેલા જામીન અને જામીનખત રદ ગણવા હુકમ કરવામાં આવે છે.

૪. ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૬૫ તથા નામદાર ગુજરાત

ઉચ્ચ ન્યાયાલયના પરિપત્ર નં.૯૦૧/૧૯૯૦, તારીખઃ ૨૨.૧૦.૧૯૮૦ અન્વયે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેરનાઓને આ કામના તહોમતનામાની તથા હુકમની નકલ મોકલી આપવા હુકમ કરવામાં આવે છે.

૫. ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૬૫ તથા નામદાર ગુજરાત ઉચ્ચ ન્યાયાલયના પરિપત્ર નં.સી.૨૬૨૩/૨૦૦૫, તારીખઃ ૦૨.૦૯.૨૦૦૫ અન્વયે સંબંધીત પોલીસ સ્ટેશનના પી.આઈ.ને આ હુકમની એક નકલ મોકલી આપવા હુકમ કરવામાં આવે છે.

૬. આ હુકમની એક નકલ સેશન્સ કેસ નં.૧૧૩/૨૦૧૮ ના કામે મૂકવી.

આ હુકમ આજરોજ તારીખઃ ૧૨મી માહે નવેમ્બર, સને ૨૦૧૮ ના રોજ અમદાવાદ મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સહી/–
**(મહિડા દિલીપ પી.)**
અધિક સત્ર ન્યાયાધીશ,
સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ,
કોર્ટ નં.૨૧, અમદાવાદ
(કોડ નં.જીજે૦૦૫૫૧)

DPP